# ₹ ૨,૦૦૦ની નોટ રદ કરવાની યોજના નથીઃ સરકાર

*નવી દિલ્હીઃ* કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે રૂા. ૨,૦૦૦ની નોટ રદ કરવાની કોઈ યોજના નથી. રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ની નોટને ચલણમાંથી રદ કરાયા બાદ રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયા દ્વારા રૂા. ૨,૦૦૦ની નોટ બહાર પાડવામાં આવી હતી. ભારત સરકાર દ્વારા નવેમ્બર ૨૦૧૬માં રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ની નોટ ચલણમાંથી નાબૂદ કરવામાં આવી હતી.

રૂા. ૨,૦૦૦ની નોટ રદ કરવા અંગે લોકસભામાં પૂછવામાં આવેલા સવાલના જવાબમાં રાજ્ય કક્ષાના નાણામંત્રી રાધાક્રિષ્નને ૨,૦૦૦ની નોટ રદ કરવાની કોઈ પ્રપોઝલ નહીં હોવાનું જણાવ્યું હતું.

બૅંક અને પોસ્ટ વિભાગ દ્વારા રિઝર્વ બૅંકને મળતી સ્પેસિફાઈડ બૅંક નોટ્સની ચોકસાઈ (ખરાઈ) અને ચકાસણી કરવામાં આવી હતી જે પ્રક્રિયા સમાપ્ત થઈ છે. તેના કરન્સી વેરીફિકેશન અને પ્રોસેસિંગ સિસ્ટમમાં ઓનલાઈન થયેલી નોંધનો પણ નાશ થયો છે. રાજ્ય કક્ષાના અન્ય મંત્રી શિવ પ્રતાપ શુક્લએ જણાવ્યું હતું કે જાહેર ક્ષેત્રની બૅંકોએ ૨૦૦૮થી ૧૪ દરમિયાન આક્રમક ધિરાણનો સમય જોયો છે. આરબીઆઈ ડેટા મુજબ તેનો ગ્રોસ એડવાન્સ ૧૮.૨ લાખ કરોડથી વધીને ૫૨.૧૬ લાખ કરોડ થયો છે. લોન કૌભાંડ, આક્રમક ધિરાણ વ્યવહારો, ભ્રષ્ટાચારને કારણે ઈકોનોમિક સ્લોડાઉન પણ જોવા મળ્યો હોવાનું શિવપ્રસાદે જણાવ્યું હતું.

૨૦૧૫ના પ્રારંભમાં એસેટ ક્વોલિટી રિવ્યુ પદ્ધતિ શરૂ કરવામાં આવી છે જેને પરિણામે નોન પ્રોફિટેબલ એસેટની વિગતો બહાર આવી હતી. (પીટીઆઇ) ■

# રાજીવના હત્યારાઓને ન છોડાય, ખોટો દાખલો બેસશેઃ કેન્દ્ર સરકાર

*નવી દિલ્હીઃ* કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે રાજીવ ગાંધી હત્યા કેસના સાત અપરાધીને છોડવાની તમિળનાડુની દરખાસ્ત સાથે તે સહમત નથી. કેન્દ્ર સરકારે કહ્યું કે એથી બીજા કેસોના અપરાધીઓની સજામાં ઘટાડો કે માફી આપવાનો ભયજનક દાખલો બેસશે અને આંતરરાષ્ટ્રીય જટિલતા ઊભી થશે. ન્યાયમૂર્તિઓ રંજન ગોગોઇ, નવિન સિંહા અને કે.એમ. જોસેફની ખંડપીઠે ગૃહ મંત્રાલયે ફાઈલ કરેલા દસ્તાવેજો રેકોર્ડ પર લઈને કેસની સુનાવણી મોકૂફ રાખી હતી.

સર્વોચ્ચ અદાલતે ૨૩ જાન્યુઆરીએ કેન્દ્ર સરકારને તમિળનાડુની સરકારે રાજીવ ગાંધી હત્યા કેસના સાત અપરાધીને છોડવાની વિનંતિ કરતા પત્ર અંગે ત્રણ મહિનામાં નિર્ણય લેવાનું જણાવ્યું હતું. તમિળનાડુ સરકારે માર્ચ ૨, ૨૦૧૬ના રોજ કેન્દ્ર સરકારને લખેલા પત્રમાં સાત અપરાધીને છોડવાનો નિર્ણય લીધો હોવાનું જણાવ્યું હતું. કેન્દ્ર સરકારે ૧૯૭૩ના આઇપીસી સેક્શન ૪૩૫ અનુસાર તમિળનાડુની સરકારની એ દરખાસ્ત સાથે અપરાધીઓને સજા માફી આપવાના મામલે સહમત ન હોવાનું જણાવ્યું હોવાનું કેન્દ્રી ગૃહ મંત્રાલયના સંયુક્ત સચિવ વી.બી. દુબેએ ફાઈલ કરેલા જવાબમાં જણાવ્યું હતું. મંત્રાલયે જણાવ્યું હતું કે કેસની સુનાવણીમાં અપરાધીઓને ફાંસીની સજા કરવાના વાજબી કારણો આપવામાં આવ્યાં હતાં. તેમણે એવો નિર્દેશ કર્યો હતો કે સર્વોચ્ચ અદાલતે પણ દેશના ગુનાહિત ઈતિહાસમાં રાજીવ ગાંધીની હત્યાના કૃત્યને 'અજોડ કે વિરલ કૃત્ય' તરીકે લેખાવ્યું હતું. ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીની નિર્ઘૃણ હત્યા કરનારા ચાર વિદેશી સહિત બીજા ૧૫ જે પૈકી મોટા ભાગના પોલીસ અધિકારી હતા તેમણે ત્રણ ભારતીય નાગરિક સાથે સાઠગાંઠમાં ભયાનક ગુનો આચર્યો હતો. એ અપરાધીઓને માફ કરીને છોડી મૂકવાથી ભવિષ્યમાં બીજા ગુનેગારોના કેસમાં ભયજનક દાખલો આપવામાં આવશે. (પીટીઆઇ) ■

# કેન્દ્રીય પ્રધાન સામે બળાત્કારની ફરિયાદ

*ગુવાહાટીઃ* રાજ્યકક્ષાના રેલવે પ્રધાન પ્રધાન રાજેન ગોહેન સામે આસામ પોલીસે ૨૪ વર્ષની યુવતિ પર બળાત્કાર કરીને એને ધમકાવવાનો કેસ દાખલ કર્યો છે.

નાગાઉના ડીએસપી સબિતા દાસે જણાવ્યું હતું કે ફરિયાદ મળ્યા બાદ બીજી ઑગસ્ટે રાજેન સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. અમે ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરી છે અને કાયદા પ્રમાણે અમે પગલાં લઇશું.

જોકે, દાસે આ મામલે વધુ માહિતી આપવાનો ઇનકાર કર્યો હતો.

એફઆઇઆરમાં રાજેન સામે છેતરપિંડી, બળાત્કાર અને ગૂનાહિત કાર્યની કલમ ઉમેરવામાં આવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર આરોપી અને ફરિયાદી બંને એકબીજાને લાંબા સમયથી ઓળખતા હતા અને રાજેન યુવતિના ઘરે આવતોજતો હતો. આ ઘટના સાતથી આઠ મહિના અગાઉ બની હતી.

પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઇ) ■

# ઈમરાન ૧૮મીએ શપથ ગ્રહણ કરશે

*ઇસ્લામાબાદઃ* પાકિસ્તાન તહેરિકે ઇન્સાફના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે આઠમી ઑગસ્ટે ઇમરાન ખાન પાકિસ્તાનના વડા પ્રધાન તરીકે શપથ લેશે.

રાષ્ટ્રપતિ મમ્નૂન હુસેને ૧૩મી ઑગસ્ટે નવા ચૂંટાયેલા સભ્યોની શપથવિધિ માટે સંસદનું સત્ર બોલાવાનું આમંત્રણ આપ્યા બાદ પીટીઆઇના નેતાએ આ બાબતની માહિતી ટ્વિટર પર મૂકી હતી.

પીટીઆઇની સંસદીય સમિતિએ સોમવારે પોતાના પક્ષના ચેરમેન ખાનનું નામ સંસદના નેતા અને પાકિસ્તાનના વડા પ્રધાનપદ માટેના દાવેદાર તરીકે સત્તાવાર રીતે જાહેર કર્યું હતું.

૨૫મી જુલાઇએ થયેલી ચૂંટણીમાં પીટીઆઇએ ૧૧૬ બેઠકો જીતીને સૌથી મોટા પક્ષ તરીકે આગળ આવી હતી. (પીટીઆઇ) ■

# ઈમરાન ખાને ચૂંટણી પંચની માફી માગી

*ઇસ્લામાબાદઃ* પાકિસ્તાનના સંભવિત ભાવિ વડા પ્રધાન ઇમરાન ખાને ખુલ્લામાં મતદાન કરી મતદાનની ગુપ્તતાનો ભંગ કરવા બદલ શુક્રવારે ચૂંટણી પંચની લેખિતમાં માફી માગી હતી. ઇમરાન ખાનની માફીએ ચૂંટણી પંચે પાઠવેલી નૉટિસ પાછી ખેંચવાનો અને આવતા અઠવાડિયે પાકિસ્તાનના વડા પ્રધાન તરીકે શપથગ્રહણ કરવાનો માર્ગ મોકળો કરી દીધો હતો. પાકિસ્તાન તહેરિકે ઈન્સાફના અધ્યક્ષ ઈમરાન ખાન દ્વારા આપવામાં આવેલી લેકિત માફીનો ચૂંટણી પંચે ત્રણ વિરુદ્ધ એક મતથી સ્વીકાર કર્યો હતો, એમ સમાચારપત્રના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

ઇમરાન ખાને વૉટિંગ સ્ક્રીનની પાછળ જવાને બદલે ખુલ્લામાં જ્યાં મતદાન કર્યું હતું તે ઈસ્લામાબાદના એનએ-૫૩ મતદારક્ષેત્રમાંથી તેમને વિજેતા જાહેર કરતું જાહેરનામું બહાર પાડવાનો પણ ચૂંટણી પંચે આદેશ આપ્યો હતો.

ઇમરાન ખાનનું માફીનામું સ્વીકારવાને મામલે ચીફ ઈલેક્શન કમિશનર (સીઇસી) નિવૃત્ત ન્યાયાધીશ સહદાર મુહમ્મદ રઝાએ માફીનામું સ્વીકારવાની તરફદારી કરનાર સિંધ, બલુચિસ્તાન અને ખૈબર પખ્તૂનખ્વાના ઈલેક્શન કમિશન ઑફ પાકિસ્તાન-ઈસીપી સાથે અસહમતી દર્શાવી હતી.

ચૂંટણીના નિયમોનો ભંગ કરવા બદલ ઈસીપીએ ઈમરાન ખાન પાસે લેખિત માફીની માગણી કરી હોવાને કારણે રઝાના વડપણ હેઠળની ચાર સભ્યની ખંડપીઠે હાથ ધરેલી સુનાવણી દરમિયાન ઈમરાન ખાને સેખિત ઉત્તર અને સોગંદનામું રજૂ કર્યા હતા. ■

# કેનેડામાં ગોળીબારમાં ચાર વ્યક્તિનાં મોત

*મૉન્ટ્રિયલઃ* પૂર્વ કેનેડામાં શુક્રવારે કરવામાં આવેલા ગોળીબારમાં ચાર વ્યક્તિનાં મોત થયાં બાદ એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે કહ્યું હતું.

ગોળીબારનો અવાજ સાંભળીને જાગી ગયેલા પડોશી બ્રુકસાઇડના લોકોને સત્તાધિકારીઓએ ઘરની બહાર ન નીકળવાની ટ્વિટર પરના સંદેશા મારફતે વિનંતી કરી હતી. પ્રથમ સંદેશાના એક કલાક બાદ પોલીસ દ્વારા પાઠવવામાં આવેલા બીજા સંદેશામાં જણાવવામાં આવ્યું હતું કે ઘટનાને મામલે એક શંકાસ્પદની ધરપકડ કરી હોવાના અહેવાલને હાલને તબક્કે અમે સમર્થન આપી શકીએ એમ નથી. ઘટનાને મામલે તપાસ ચાલી રહી છે, એમ તેમણે કહ્યું હતું. ૬૦૦૦૦ની વસતિ ધરાવતા ન્યૂ બ્રન્સ્વિક પ્રાન્તની રાજધાનીમાં કઇ પરિસ્થિતિમાં અને ક્યા કારણસર ગોળીબાર કરવામાં આવ્યો હતો તેનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું.

કેનેડિયન બ્રૉડકાસ્ટિંગ કૉર્પોરેશન (સીબીસી)ના જણાવ્યાનુસાર શહેરના રહેવાસી વિસ્તારમાં આ ગોળીબાર કરવામાં આવ્યો હતો અને ત્યાર બાદ એ વિસ્તારમાં ભારે માત્રામાં સશસ્ત્ર પોલીસ, અર્ધલશ્કરી દળ અને અગ્નિશમન દળના જવાનો જોવા મળ્યા હતા. (પીટીઆઇ) ■

# ઈથેનોલનો ઉપયોગ કરીને ક્રૂડનું આયાત બિલ ઘટાડવાનું લક્ષ્યઃ મોદી

*નવી દિલ્હીઃ* ખેત ઉપજની આવકમાં વધારો કરવા તથા શેરડીના કૂચાનો પેટ્રોલમાં ભેળવીને ઑઇલ ઇમ્પોર્ટ બિલમાં રૂ.૧૨,૦૦૦ કરોડ જેટલી બચતના ઉદ્દેશથી ઇથેનોલનું ઉત્પાદન ચાર વર્ષમાં વધારીને ત્રણ ગણું કરવાનું લક્ષ્ય વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે નિર્ધારિત કર્યું હતું. વર્લ્ડ બાયોફ્યુઅલ ડે નિમિત્તે એક કાર્યક્રમમાં બોલતાં તેમણે કહ્યું હતું કે શહેરોના કચરા અને અનાજના ડોડા કે ઠૂંઠામાંથી ઇંધણનું ઉત્પાદન કરવા ૧૨ બાયોફ્યુઅલ રિફાઇનરી ઊભી કરવા રૂ. ૧૦,૦૦૦ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે.

બાયોફ્યુઅલ ક્રૂડ ઑઇલની આયાતનો મદાર ઘટાડવામાં મદદરૂપ બનશે તે પર્યાવરણને સ્વચ્છ રાખવામાં અને ખેડૂતોને વધારાની આવક મેળવવામાં અને ગ્રામીણ સ્તરે નોકરીની તકો ઊભી કરવામાં મદદરૂપ બનશે.

આનાથી ખેતરોમાં પેદા થતા જૈવિક કચરાનો સલામત નિકાલ કરી શકાશે.

ભારત દુનિયાના ઑઇલ કન્ઝ્યુમર તરીકે ત્રીજા ક્રમાંકે છે. ૮૧ ટકા જરૂરિયાત માટે ઑઇલની આયાત પર મદાર રાખવો પડે છે. બાયોફ્યુઅલના ઉત્પાદનથી જરૂરિયાત સંતોષાતાં આયાત પરનો મદાર ઘટાડવામાં મદદ મળશે.

૨૦૦૨માં દેશમાં પહેલી વાર એનડીએની પહેલી સરકારના કાર્યકાળ દરમિયાન શેરડીના પીલાણમાંથી ખાંડ બનાવવાની પ્રક્રિયા દરમિયાનની આડપેદાશમાંથી ઇથેનોલ બનાવીને તેને પેટ્રોલમાં ભેળવવાનું શરૂ કરવામાં આવ્યું હતું પરંતુ યુપીએ સરકારના દસ વર્ષના કાર્યકાળ દરમિયાન એ કાર્યક્રમ પડી ભાંગ્યો હતો.

મોદીએ જણાવ્યું હતું કે ઇથેનોલને પેટ્રોલમાં મિક્સ કરવાનો કાર્યક્રમ ૨૦૧૪માં ભાજપના નેતૃત્વમાં એનડીએ સરકાર ફરી સત્તા પર આવી ત્યારે ફરી શરૂ કરવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારના પ્રયાસોના પરિણામે ઇથેનોલનો સપ્લાય જે ૨૦૧૩-૧૪માં ૩૮ કરોડ લિટર હતો તે વધીને ૨૦૧૭-૧૮માં અંદાજે ૧૪૧ કરોડ લિટર જેટલો થતાં ઑઇલ ઇમ્પોર્ટ બિલમાં આશરે રૂ. ૪,૦૦૦ કરોડ જેટલી બચત થઇ હતી. (પીટીઆઇ) ■

## મહિલા સાથે ભેદભાવઃ

# જાપાને આખા દેશમાં આદરી તપાસ

*ટૉક્યોઃ* મહિલા અરજકર્તાઓને બાકાત કરવા પ્રવેશ પરીક્ષાનાં પરિણામોમાં ફેરફાર કર્યો હોવાની ટોક્યો મૅડિકલ સ્કૂલે કરેલી કબૂલાત બાદ જાપાને દેશની તમામ મૅડિકલ યુનિવર્સિટીઓમાં લિંગને આધારે કરવામાં આવતા ભેદભાવને મામલે શુક્રવારે અભૂતપૂર્વ તપાસનો આરંભ કર્યો હતો.

શિક્ષણ ખાતાએ દેશની ૮૧ જેટલી ખાનગી અને સરકારી મૅડિકલ સ્કૂલને મહિલા અરજકર્તાઓ સાથે કરવામાં આવતા સંભવિત ભેદભાવને મામલે તેમની પ્રવેશપ્રક્રિયાની ચકાસણી કરવા જણાવ્યું હતું. વહીવટકર્તાઓએ કહ્યું હતું કે તેઓ છેલ્લાં છ મહિનાનાં સફળ પુરુષ અને મહિલા અરજકર્તાઓની પણ પુછપરછ કરશે. જો તેમનાં જવાબ યોગ્ય નહીં જણાય તો તેમને વધુ પ્રશ્નો પૂછવામાં આવશે અને જરૂર જણાશે તો તેમની સાથે સીધી મુલાકાત પણ કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. દેખીતી રીતે સ્કૂલમાં મહિલાઓનું પ્રમાણ ૩૦ ટકા કે તેથી ઓછું રાખવા માટે વર્ષ ૨૦૦૬થી આમ કરવામાં આવી રહ્યું છે એમ જણાવતાં શિક્ષણ ખાતાના પ્રધાને આ ખરેખર ખેદજનક હોવાનું કહ્યું હતું અને તમામ મૅડિકલ સ્કૂલોને આ મામલે તપાસમાં સહકાર આપવાની વિનંતી કરી હતી. (પીટીઆઇ) ■

# પાક સ્વાતંત્ર્યદિનની ઉજવણીમાં બૉલીવૂડનું ગીત

## ▸ આતિફ અસલમ ટ્રોલ થયો

*કરાચીઃ* ન્યૂ યોર્ક ખાતે પાકિસ્તાનના સ્વાતંત્ર્યદિનની ઉજવણીમાં પાકિસ્તાન પ્લેબેક સિંગર આતિફ અસલમ ભારતની હિંદી ફિલ્મનું ગીત ગાઈને મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. તેમણે અજબ પ્રેમ કી ગજબ કહાની ફિલ્મનું 'તેરા હોને લગા હું' ગીત ગાયું હતું.

આતિફ પર પાકિસ્તાનમાં ચોતરફથી ફિટકાર વરસી રહ્યો છે. સોશિયલ મીડિયા પર પણ આતિફની ખૂબ ટીકા થઈ રહી છે.

ટ્વિટર પર લોકો 'ઝીરો રિસ્પેક્ટ ફોર આતિફ' ટ્વીટ કરી તેને વખોડી રહ્યા છે. પાકિસ્તાનમાં આતિફનો બહિષ્કાર કરવાની માગણી પણ થઈ રહી છે.

આતિફના પાકિસ્તાન પરત્વેના પ્રેમ વિશે શંકા થઈ રહી છે ત્યારે આતિફે જણાવ્યું હતું કે પાકિસ્તાન જ તેની ઓળખ છે તે તેના ચાહકોને અને દેશને ચાહે છે.

આતિફે જણાવ્યું હતું કે કદાચ હવે નવા પાકિસ્તાનમાં અન્યોનું પણ માન સાચવવાનું શક્ય બનશે અને કઠીન પરિશ્રમ દ્વારા પાકિસ્તાન વધુ સક્ષમ પુરવાર થશે. ■

# છત્તીસગઢમાં નવ વાહનને બાળ્યા માઓવાદીઓએ

*રાયપુરઃ* નક્સલવાદીઓએ છત્તીસગઢના દંતેવાડા જિલ્લામાં પાંચ ખાલી ટ્રકને આગ લગાડી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પાછલા ત્રણ દિવસોમાં માઓવાદીઓ દ્વારા બે પેસેન્જર બસ, પાંચ ટ્રક સહિત કુલ નવ વાહનોને આગ લગાડવામાં આવી હતી. પોલીસને બે દિવસ પહેલા કિરણકલ - દંતેવાડા રોડ પર માઓવાદીઓએ બાળેલી બસમાંથી માનવ હાડપિંજર મળી આવ્યું હતું.

૬ ઑગસ્ટના રોજ સુકમા જિલ્લામાં સુરક્ષા દળે સર્ચ ઓપરેશનમાં ૧૫ નક્સલવાદીને ઠાર માર્યા હતા જેની વેરભાવનાથી પ્રેરાઈ નક્સલવાદીઓ હિંસા અને આગના બનાવો જેવા ઘૃણાજનક કૃત્ય આચરી રહ્યા હોવાનું પોલીસ વિભાગે જણાવ્યું છે. નક્સલવાદીઓ ટ્રક ઓનર્સ એસોસિયેશનની બરોલી ખાતે આવેલી ઓફિસ પહોંચ્યા હતા જ્યાં પાર્ક થયેલી ટ્રકોના ડ્રાઈવરને તેમણે તાત્કાલિક ટ્રક અને સ્થળ છોડવા ધમકી આપી હતી, ત્યારબાદ ટ્રકને આગ લગાડી દેવામાં આવી હોવાનું દંતેવાડા એસપી ગોરખનાથે જણાવ્યું હતું. સમગ્ર વિસ્તારમાં પોલીસ માઓવાદીઓનું પગેરુ મેળવવાના પ્રયત્નમાં છે. બળી ગયેલી ટ્રકો લોખંડ લાવવા મુકવામાં વપરાતી હતી. (પીટીઆઇ) ■


## ક્લાસિફાઈડ

### ૩૧. નાણાંકીય

■ ફીઝીકલ શેરસ દરેક પ્રકારના વ્યાજબી ભાવે તુરંત ખરીદશું. ૨૮૯૪૩૯૪૧/ ૮૬૫૫૬૬૮૮૩૮. (૧૭૧૮-એ)

**■ વગર ઈન્કમ પ્રૂફ કોઈપણ લોન મળશે. ડૉક્ટર મોબહાની ૯૮૨૦૮૭૫૭૪૮, ૯૩૨૩૯૧૫૨૦૩. (૧૯૦૨-જી)**

**''ફીઝીકલ શેર''**
દરેક કંપનીના ''ફીઝીકલ શેર'' ડીમેટ કરીને મળશે... સંપર્કઃ ૯૭૬૯૨૮૬૬૬૭. (૧૮૦૧/એ)

**■ લોન - ડિફોલટર્સ બૅન્કથી - સેટલમેન્ટ/ ઈન્સ્ટોલમેન્ટ, એક્સ્ટેનશન - ડોક્ટર મોબહાની - ૯૮૨૦૮૭૫૭૪૮, ૯૩૨૩૯૧૫૨૦૩. (૧૮૦૦-એ)**

**૩૦ ટકા**
ડાઉન પેમેન્ટ ભરીને ૭૦ ટકા કોઈ પણ લોન મેળવો ડોક્ટર મોબહાની - ૯૮૨૦૮૭૫૭૪૮. (૧૮૦૦-બી)

**લોન**
તુરંત કેશ લોન ૧ લાખ અથવા વધારે, પ્રાઈવેટ ફાઈનાન્સર દ્વારા ૮૮૭૯૮૧૭૬૯૫. (૧૯૬૧/એ)

**MUTUAL FUND & PMS**
Equity, Mutual Fund (SIP & Lumpsum) Long term doorstep service. Contact: Shah 9920628333 (Agents welcome). (673-A)

**LOANS**
Housing, Mortgage, Business, Commercial, Personal Loan from any Bank or NBFC. Contact Shah - 9920628333. (Agents Welcome) (673-D)

**NIFTY TRADE**
Low Margin, Low Brokerage, Best Deal Guaranteed. 8657280492. (1969/A)

### ૩૨. જમીન-મિલકત

**■ રાજકોટમાં પ્લોટ તથા ખેતર વાડી તથા મકાન તથા યુ.એલ.સી.માં ફાજલ થયેલ પ્લોટ લે-વેચ માટે મળો મો.: ૯૭૨૫૨ ૧૮૪૧૮. (૭૯૬૫)**

■ અમે કાનૂની ખેડૂતો બનાવીએ છીએ. માત્ર ૪૫૦૦૦/- હોમ સર્વિસ, કોઈ અન્ય ખર્ચ નહીં. કોંકણમાં ૩ થી ૧૦ લાખ એકર ટાઈટલ ક્લીઅર જગ્યા. હપ્તો સુવિધા ૮૦૮૭૦૬૫૦૬૫/ ૮૨૩૭૦૩૯૦૩૯/ ૮૦૮૭૦૬૪૦૬૪. (૧૯૪૨/એ)

■ અમારી પાસે એક્સક્લુઝીવ પ્લોટ્સ ૧૨૫૦ ચોરસ મીટર, સંપૂર્ણપણે સાથે ક્લીઅર ટાઈટલ, સારા સ્થાન, સમુદ્ર દશ્ય સાથે. ઉપરાંત સંયુક્ત સાહસ માટે ૧૧૦૦ સ્કવેર યાર્ડના પ્લોટ છે. ૫૦૦ થી ૮૦૦ ચોરસ યેડ્સના પ્લોટ્સ માટે પણ ઉપલબ્ધ છે. બંગલો, પેન્ટ હાઉસીસ, જોઈન્ટ વેન્ચર દરખાસ્તો જૂહુમાં. સંપર્કઃ દેસાઈ ૯૮૨૧૦૯૬૩૨૦, ૯૮૩૩૯૬૭૪૩૨. (૧૮૦૦-એફ)

**તાળા રાયગઢ**
ઈન્કમવાળી વિકસીત પ્રોપર્ટી, બારેમાસ પાણીથી ભરપૂર નદી કિનારે (પાણીના હોજ સાથે) ૨૦૦ એકર જગ્યામાં ૮૦૦૦ કાજુના ઝાડ, ૧૫૦૦ આંબાના ઝાડ, નારીયેળીના ઘણા ઝાડ, હજી પણ ઘણા ઝાડ વાવી શકાય, (ઉંચાઈએ ૨૪×૨૪×૧૦ મીટરની વોટર ટેંક), બંગલો, સર્વન્ટ રૂમો સાથે, વેચાણથી. વિઠ્ઠલભાઈ ૯૩૨૪૯૪૯૫૩૯, ૯૭૦૨૦૨૦૫૮૨ રેરા રજીસ્ટર્ડ. (૧૮૩૯/એ)

### ૩૩. ધંધાદારી

**બંગલો ભાડેથી**
લગ્ન - અન્ય પ્રસંગોમાં મહેમાનોને માટે કાંદિવલી - બોરીવલીમાં ફેસીલીટીવાળા એ/સી બંગલા ડેઈલી બેસીસથી મળશે. ઓનર - ૯૮૨૦૧૯૦૫૦૦. (૬૭૮-એ)

**પ્રોપર્ટી દસ્તાવેજ**
પ્રોપર્ટી કાર્ડ, જૂના પ્લાન/ એગ્રીમેન્ટસ, સર્ચ રીપોર્ટ, પ્લોટ સર્વે પોઈંટ એડવાઈઝરી - ૯૦૨૯૦૭૭૭૧૫. (૧૩૮૭-બી)

**સોસાયટી અને બિલ્ડર્સ માટે**
સોસાયટી મેમ્બર્સના નામના બોર્ડ, નોટિસ બોર્ડ, લેટરબોક્સ માટે - ૯૩૨૮૬૦૩૮૪૮, ૯૩૨૪૧૬૯૨૯૦. (૧૪૮૫-બી)

**''મશીનથી ટાંકીની સફાઈ''**
**'સોસાયટી'/ 'માળીયાની ટાંકીઓ'/ 'પાણીના કૂવાની સફાઈ' માટે સંપર્કઃ ૯૮૨૦૭૭૬૫૮૩/ ૯૧૬૭૬૭૭૬૭૩. (૧૯૩૯-જી)**

**''મેડીક્લેમ પોલીસી''**
શું આપ 'ડાયાબીટીશની બીમારીથી' પીડીત છો?... અથવા આપે 'એન્જીયોગ્રાફી' કરાવી છે? તેથી પોલીસી નથી મળતી... તો અમે (જાણીતી કંપનીની) નવી પોલીસી કરી આપશું... 'દીલીપભાઈ' - ૯૧૩૭૨૭૯૮૮૨, ૯૧૩૬૬૨૧૨૨૭. (૧૮૨૧/બી)

**એકાઉન્ટન**
કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર તાત્કાલીક તૈયાર કરીને આપીશું. જીએસટી / ઈન્કમટેક્ષ/ વેટ / સર્વિસ ટેક્ષ / બેન્ક લોન. ડેટા એન્ટ્રી ફાઈનલાઈઝેશન સુધી. પાર્થઃ ૯૯૨૦૩૪૮૨૫૮ / ૨૨૦૬૬૩૨૪. (૧૬૭૦/એ)

**એકાઉન્ટ્સ**
એકાઉન્ટ્સ, ઈન્કમટેક્સ રિટર્ન, જીએસટી રીટર્ન, તમારે ત્યાં કરી આપીશું ૭૯૭૭૮૬૬૨૦૧. (બી-૮૦૨૭)

**''ગાદલા''**
''રૂ'', 'કોયર', 'ફોમ', 'બોન્ડેડ', 'હીટલોન', મેમરી' તથા 'સ્પેશીયલ મેમરી તકિયા'. 'તમારી સાઈઝ મુજબ', 'ફ્રી હોમ ડિલીવરી', 'મોસ્ટ કોમ્પીટીટીવ રેટમાં, ગેરેન્ટેડ- ૯૩૨૨૫૯૬૯૮૦/ ૯૮૨૦૨૫૧૮૪૫. (૧૯૫૩/ઈ)

■ ૨૦,૦૦,૦૦૦/-નો સીનીયર સીટીઝનનો મેડીક્લેમ રૂપિયા ૨૪૬૪૫/-, ૧૦૦ વર્ષની એન્ટ્રી ૯૧૬૭૭૩૯૮૭૬. (૧૯૫૩/ડી)

■ જૂનાગઢની જમ્બો કેસરના છોડ મળશે ૯૮૨૦૧૩૨૬૬૪. (૧૮૩૨/એ)

■ મુંબઈના તમામ એરિયામાં ઓર્ગેનિક શાકભાજી ફળ વેચવા માટે ફ્રેન્ચાઈઝ રોકાણ ૨૫,૦૦૦/- ૯૯૨૦૬૦૪૭૪૮. (૧૮૩૨/બી)

**ધાર્મિક ગીફ્ટ**
ધાર્મિક પ્રસંગો નિમિત્તે આપવા ગીફ્ટ તથા નોવેલ્ટી આયટમો ફેક્ટરી ભાવે મળશે. ૯૯૩૦૩૧૦૦૫૭. (બી-૮૧૧૮)

■ ખાખરા સાજીના પાપડ ગાયનું ઘી તથા નાસ્તા માટે ફોન કરો ૯૩૨૧૬૨૦૪૭૮, ૯૧૫૨૩૧૮૯૭૮. (૧૯૬૦/ડી)

**ડેકોરેટર્સ કેટરર્સ**
જૂના નવા સામાન વાસણ લેવા વેચવા રસીકભાઈ ૯૮૯૨૧૪૮૯૦૦, ૯૧૩૭૦૨૨૨૧૫. (૧૯૮૧/એ)

**ફોટોગ્રાફી**
**ધવલ બેસ્ટ ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી રિઝનેબલ ભાવમાં. સંપર્ક- ૯૭૭૩૫૮૬૮૬૪/૭૬૬૬૫૫૭૨૨૨. (૧૯૮૯/એ)**

**સોસાયટીઓ અને બીલ્ડર્સ માટે**
પ્રોપર્ટી કાર્ડમાં સોસાયટીનું નામ દાખલ કરવું. ચેન્જ ઓફ યુઝર્સ (રેસીડેન્સથી કમર્શીયલ) તથા ડીમ્ડ કન્વેયન્સ તેમજ મ્યુટેશન એન્ટ્રીસ ઉપર નામ ટ્રાન્સફર કરાવવા તથા દરેક ગવર્મેન્ટ ઓફીસીસ સાથેનું લાયઝનીંગ કામ કરી આપવામાં આવશે. બોરીવલી વેસ્ટમાં અમારી ઓફીસમાં સંપર્ક કરોઃ ૮૦૮૨૦૨૨૨૧૪, propertyliasioning@gmail.com (૧૯૬૬/એ)

**''પ્રોપર્ટી લાયઝનીંગ''**
પ્રોપર્ટીકાર્ડ, ટ્રાન્સફર હદદુરસ્તી, સબડીવીઝન, નોનએગ્રીકલ્ચર, પોઈંટ એડવાઈઝરી - ૯૦૨૯૦૭૭૭૧૫. (૧૯૯૪/એ)

**"PARTNER WELCOME"**
For our Retail Shop 500' at Kandivali (West) Near Rly. Station. 09821298028 / consultme9@gmail.com (1918-F)

**MEDICLAIM**
Fresh / Renewal for any Company, Government / Private. Free claim service. Contact: Shah 9920628333 (Agent welcome) (673-E)

### ૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

**એલ્યુમિનિયમ**
**સ્લાઈડિંગ વિન્ડો, મચ્છર જાળી, રીપેરીંગ કામ, વિશ્વકર્મા એલ્યુમિનિયમ ૯૯૨૦૮૪૭૫૯૮/ ૯૮૨૦૫૮૩૪૬૯. (જી/ ૩૭૭૩-સી)**

■ લાકડાનું જુનું અસલનું ફર્નિચર જોઈએ છે. ''અઝિઝભાઈ ફર્નિચરવાલા'' મોબાઈલઃ ૯૮૨૧૩૨૨૩૪૪/ ૯૮૨૧૩૨૨૮૯૩. (એસકે/૩૯૫૮-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**જન્મતારીખ**
**ડાયલ કરો લગ્ન - ભાગ્યોદય ક્યારે? દામ્પત્યજીવન કેવું? ભવિષ્ય જાણવા રૂબરૂ પધારો - ૯૯૮૭૯૯૮૨૩૫. (૧૯૧૮-બી)**

**જ્યોતિષ શંકરગોર**
અશુભ સમય રાહુ કાલથી બચવા કાલચક્ર બુક મફત મેળવવા ફક્ત સરનામું એસ.એમ.એસ. કરો. ૦૯૯૦૯૬૦૨૯૨૮. (૧૯૭૪/એ)

**માતાજી જ્યોતિષ**
ઘર બેઠા સમાધાન, શત્રુ, સંતાન, સૌતન, પતિ-પત્ની અણબનાવ, મનગમતો પ્રેમ, લવ લગ્ન સ્પેશ્યાલિસ્ટ (મુલુંડ વેસ્ટ સ્ટેશન પાસે) ૯૮૧૯૦૭૧૪૧૨. (૧૪૮૯-એ)

**■ શ્રી ગુરુજી (લવ પ્રોબ્લેમ તજ્ઞ) જીવનની અન્ય કોઈપણ સમસ્યા માટે મળોઃ ૯૯૬૭૮૭૫૨૮૩/ ૯૯૨૦૬૯૬૪૧૮. (૧૮૦૬/જી)**

**શ્રી સ્વામિનારાયણ જ્યોતિષ**
**જય ચામુંડા (ફિસ કામ પછી) ૩ કલાકમાં પરિણામ. સગાઈ-લગ્ન, લવ-પ્રોબ્લમ, જુના સંબંધ, છુટાછેડા, બિઝનેસ લોસ, શત્રુ, બિમારી, વ્યસન મુક્તિ, લોટરી-સટ્ટા. ટોટલ સમાધાન. ગોરેગાવ - ૯૯૯૮૦૩૦૩૭૭. (બી-૮૧૦૬)**

■ સર્વ જટીલ સમસ્યા. લવ પ્રૉબ્લેમ, છુટાછેડા, કોર્ટ, નોકરી, ધંદા, વાસ્તુદોષ, શત્રુ પિડા જ્યોતિષ દ્વારા ચોક્કસ યશ, ધન પ્રાપ્તિની. આશિષ ગુરુજી ૭૨૧૯૦૦૪૫૧૭. (૧૮૩૬/એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**રાજશ્રી પેસ્ટ કન્ટ્રોલ**
(જૂના-જાણીતા) વાંદા, ઉધઈ, કીડી, માંકડની મકાન, ઘર, ઓફિસ માટેની જનરલ પેસ્ટ હર્બલ ટ્રીટમેન્ટ. ફોર્ટઃ ૨૨૬૨૬૩૯૬, ૨૨૬૨૨૩૪૮. (૧૪૬૭/એ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ. ૯૮૨૧૧૯૫૭૨૦ / ૯૭૭૩૨૨૬૬૭૫/ ૨૮૬૫૭૭૬૮. (કાંદીવલી). (૧૭૯૩-એ)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩) સોસાયટીના સ્પેશ્યાલીસ્ટઃ ઉધઈ/ વાંદા/ માંકડ. કાંદિવલીઃ ૨૮૬૨૫૯૨૮/ ૨૮૬૨૫૯૨૯ ચીરાબજારઃ ૯૦૨૯૧૮૧૦૩૦. (૧૫૬૧-બી)

**સંસ્કાર પેસ્ટ કંટ્રોલ**
(સરકાર માન્ય) બોરીવલી ૨૮૦૮ ૨૮૨૪, મલાડ ૯૮૬૭૮ ૫૦૯૧૯, અંધેરી ૮૪૫૧૯ ૪૦૯૧૯, ચીરાબજાર ૯૯૬૭૦ ૩૩૩૭૩, ભાયંદર ૨૮૦૪ ૫૮૮૬. (૧૯૩૯-સી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**"UNIVERSAL"**
Total Solution under one roof for Society. All kinds of Civil, Plumbing, Painting, Waterproofing Works. Warranty 1 / 3/ 5/ 7/ 10 years. 9821305558 / 9920706667. (38-A)

### ૫૨. કુરીઅર્સ

**''મનસ્વી પાર્સલ''**
લંડન+અમેરિકા+ કેનેડા+ દુનિયાભરમાં ''સસ્તામાં''ઝડપથી મોકલવા- ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૯૩૭-ઈ)

**''પરદેશમાં પાર્સલ''**
અમેરીકા+ લંડન+ કેનેડા+ દુનિયાભરમાં ઝડપથી પહોંચાડીશું. ''ૐ દર્શન'' ૮૮૭૯૧૯૬૦૯૩, ૯૮૩૩૬૩૧૩૫૯. (૧૯૫૬/ડી)

■ પરદેશ પાર્સલ સર્વિસ - ચીપ્સ એક્સપ્રેસ પ્રા. લી., ઓમ નગર, અંધેરી (ઈસ્ટ) મોબાઈલઃ ૦૯૮૯૮૦૩૬૨૫૭, ૦૯૩૨૦૦૯૫૬૩૨. (બી-૭૬૭૩)

■ ઈન્ટરનેશનલ પાર્સલ્સ મોકલોઃ અમેરિકા / લંડન / યુરોપ / ઓસ્ટ્રેલિયા વિશ્વભરમાં. ખૂબ જ સસ્તા દરે શ્રેષ્ઠ સેવા ''પેન્થર'' ૯૯૩૦૦૧૧૧૦૦. (૧૯૪૦/એ)